હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ગયા વખતની જેમ પંદર હજાર કેમ આવે ત્યારે માસ્ક પહેરીશુ અને પચાસ હજાર પછી ખોટું રખડવાનું બંધ...!!

વાવોલમાં કાતિલ ઠંડીના સન્નાટા વચ્ચે તસ્કરોનો સપાટો ચાર મકાનોના તાળાં તુટયાં

સિધ્ધાર્થ હાઇટસના ચાર મકાનોના તાળા તુટ્યા : એક મકાનમાંથી રૂ ૧.૩૨ લાખની મત્તાની ચોરી અન્ય ત્રણ મકાન માલિકો બહારગામ ગયા હોવાથી ચોરીનો અંદાજ આવ્યો નથીઃ તસ્કરોનુ પગેરુ શોધવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં એકબાજુ આકરી ઠંડી અને કોરોનાએ કહેર મચાવ્યો છે. જયારે આકમક ઠંડીના લીધે સેકટરોની શેરીઓ તેમજ આસપાસની સોસાયટીઓમાં પણ સાંજ ઢળતા જ સન્નાટો છવાઇ જાય છે. આ સ્થિતિ વચ્ચે તસ્કર ટોળકી પણ મોકાનો લાભ લેવા માટે નિશાન સાધે છે. ગઇકાલે વાવોલની સિધ્ધાર્થ હાઇટસ સોસાયટીમાં પણ તસ્કર ટોળકીએ હાથફેરો કરી લેતા સ્થાનિકોમાં ફફડાટ પ્રવર્તયા છે. આ વસાહતમાં એક સાથે ચાર મકાનોના તાળા તોડી ચોરી કરી હતી. જયારે આ પૈકી ત્રણ મકાનોના માલિક બહારગામ હોવાથી કેટલી ચોરી થઇ તે સ્પષ્ટ થયુ નથી જયારે અન્ય એક મકાનમાંથી તસ્કરોએ સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળીને કુલ ૧.૩૨ લાખના મુદમાલનો હાથફેરો કરી લીધો છે. આ મામલે સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં આકરી ઠંડીએ કહેર મચાવ્યો છે. ત્યારે તસ્કર ટોળકી પણ ઠંડીના સુનકારનો લાભ લઇ ગમે ત્યારે હાથફેરો કરી લેવાની ફીરાકમાં હોય છે. આવા સંજોગોમાં વાવોલની સિધ્ધાર્થ હાઇટસ વસાહતમાં ઉતરયણના પર્વ દરમિયાન ચોર ઇસમો ઘુસ્યા હતા જયારે આ ચોર ટોળકીએ વસાહતના એક સાથે ચાર મકાનોના તાળા તોડયા હતા. પોલીસ સુત્રોના જણાંવ્યા મુજબ સિધ્ધાર્થ હાઇટસના મકાન નં -૨૦૨ માં રહેતા મિતલબેન અર્જુનભાઇ જોષી તા ૧૩ જાન્યુઆરીના રોજ પોતાનુ મકાન બંધ કરીને તેમના પતિ સાથે હીંમતનગર ગયા હતા. જયારે ગઇકાલે બપોરે તેમના પડોશી વિજયભાઇ પ્રજાપતિએ તેમને મકાનના દરવાજાનો નકુચો તુટેલો હોવાની ફોન મારફતે જાણ કરી હતી.

પ્રાથમિક દ્રષ્ટીએ મકાનમાં ચોરી થઇ હોવાનુ સ્પષ્ટ થતા તેઓ ઘરે આવ્યા હતા જયારે તપાસ કરતા ચોરી થઇ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. તેમના મકાનમાં તિજોરીમાંથી તસ્કરો સોના ચાંદીના દાગીના અને રોકડ મળીને કુલ ૧.૩૨ લાખની મત્તા ચોરી ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. આ ઉપરાંત વાવાલોની આ સોસાયટીમાં તસ્કરોએ એક જ રાતમાં અન્ય મકાનોના પણ તાળા તોડયા હતા. જેમાં વસાહતના મકાન નં -૧૦૫, કે -૩૦૧, અને બી ૨૦૪ પણ તસ્કરોએ તાળા તોડીને હાથફેરો કર્યો હતો. જયારે આ બંધ મકાનોના માલિકો પણ ઘરે હાજર ન હોવાથી હજુ ચોરી કેટલી થઇ તેનો અંદાજ આવ્યો નથી. સમગ્ર મામલે સે-૭ પોલીસે ગુન્હો નોંધી તસ્કર ટોળકીને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ઠંડીના માહોલ વચ્ચે સળંગ ત્રણ દિવસ રજાનો માહોલ હોવાથી શહેરમાં આર્થિક ગતિવિધિ થોડીક ધીમી પડી છે.
- રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુશાસનના ૧૨૧ દિવસ નામના પુસ્તકનું આજે વિમોચન કરશે.
- જુના અને નવા સચિવાલયમાં આયુર્વેદ હોસ્પિટલ કોલવડા અને આયુર્વેદ હોસ્પિટલ સે. ૨૨ દ્વારા કર્મચારીઓને અમૃતપેય ઉકાળાનું વિતરણ અને પીવડાવવાનો પ્રારંભ થયો છે. ૨૧મી જાન્યુઆરી સુધી આ કામગીરી ચાલશે.
- ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ કનૈયાલાલ ભટ્ટે આજે તેમનો જન્મ દિવસ સાદગીથી મનાવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં સમરસ થયેલ ૨૨ ગ્રામ પંચાયતોને અનુદાન પેટે ૧,૨૭,૦૦,૦૦૦ લાખ ફાળવવામાં આવ્યા છે.
- જિલ્લામાં સુશાસન સપ્તાહ દરમ્યાન ૧૯૯.૭૫ લાખ રૂ.ના ૯૬ કામોનું ખાતમુહૂર્ત તથા રૂ. ૧૭૪.૯૨ લાખના ૭૧ કામનું લોકાર્પણ કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે મ્યુનિ. કમિશનરને પત્ર લખી શહેરમાં ટેસ્ટીંગ સેન્ટર (કોરોના) વધારવા માંગ કરી છે.
- ડભોડા હાઈસ્કૂલના બાળકોને ઉત્તરાયણ પર્વે સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

જળ સંપતિ નિગમના એમ.ડી.ને સુથારે ચુનો લગાવ્યો રૂપિયા લીધા ફર્નિચરનુ કામ ન કર્યુ ...!!

અધુરુ કામ છોડીને ચાલી ગયેલા મિસ્ત્રીએ ફોટા અને વીડીયો પણ યુ ટયુબ ચેનલ પર ચઢાવીને બદનામ કરવાનો પ્રયાસ કરતા આખરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

ગાંધીનગર તા ૧૬

રાયસણમાં નવા મકાનમાં ફર્નિચર બનાવાના મામલે પૈસા પડાવી કામ પુરુ ન કરવાન મામલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે. જળ સંપતિ નિગમના એમ ડીના રાયસણ સ્થિત મકાન માટે અમદાવાદના મિસ્ત્રીએ પૈસા લઇ કામ કર્યુ ન હોવાની સાથે વિડીયો ઉતારી તેમને બદનામ કરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે. પોલીસે આ મામલે સુથાર તેમજ અન્ય એક ઇસમ સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહીતી મુજબ સે-૨૦ માં ગ-૧ કક્ષાના આવાસમાં રહેતા અને જળસંપતિ વિકાસ નિગમના એમ ડી તરીકે ફરજ બજાવતા વિનોદ શિવરામભાઇ પટેલને તેમના રાયસણ ખાતે ટી પી ૧૯ માં પ્લોટ નં -૩૧૫ માં નવા મકાનનુ ફર્નિચરની કામગીરી કરાવાની હતી જયારે આ કામ માટે તેમણે તેમની ઓફિસના એક કર્મચારીના મારફતે રાજેશભાઇ જે સુથાર રહે સી -૨૨ કર્ણાવતી સોસાયટી રાણીપ અમદાવાદનો સંપર્ક કર્યો હતો આ દરમિયાન તેમણે આ કામ રાજેશભાઇને સોંપ્યુ હતુ આ દરમિયાન મકાનમાં બારી દરવાદજા તેમજ ફ્રેમનુ કામ પ્રતિ ચોરસ મીટરના ૪૮ રૂપિયાના ભાવ લેખે મૌખિક કોન્ટ્રાકટ રૂપે નક્કી કર્યુ હતુ. જયારે કામ પુર્ણ થાય તે સિવાયના રૂ ૧.૫૦ લાખ તેમના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. જયારે વર્ષ ૨૦૨૦ માં મચ્છર જાળીના શટર બનાવાનુ કામ પણ શરૂ કર્યુ હતુ. જયારે આ કામનો ભાવ કહેવા છતા રાજેશભાઇ આપ્યો ન હતો. અને મરજી મુજબ કામ ચાલુ રાખ્યુ હતુ અને ત્યારબાદ કામ પડતુ મુકીને જતો રહેતા આ બાબતે અવારનવાર ચર્ચા કરતા ઉધ્ધતાઇપુર્વકના જવાબો આપી હવે તમારુ કામ કરવાનો નથી પૈસા પણ પાછા નહીં આપુ તેમ કહ્યુ હતુ. જેના લીધે બીજા કોન્ટ્રાકટર પાસે કામ શરૂ કરાવ્યુ હતુ. પરંતુ આ દરમિયાન કામ કરતા કોન્ટાકટરો તેમજ કારીગરોને પણ સ્થળ પર આવી ધમકી આપવામાં આવતી હતી. જયારિ સિક્યોરીટી ગાર્ડે પણ જણાંવ્યુ હતુ કે રાજેશ સાથે આવેલા અન્ય ઇસમોનો વિડીયો પણ ઉતાર્યો છે. જયારે દિપક સંચાણિયા નામના વ્યકિતએ તેની યુ ટયુબ ચેનલમાં બદનક્ષી કરતા મેસેજ કરીને ફોટો અને વિડીયો સાથે સાથે તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમની કચેરીમાં પહોંચીને પણ વિડીયો ઉતારી રૂપિયાની માંગણી કરતા હતા. સમગ્ર મામલે પોલીસે રાજેસ સુથાર અને દિપક સંચાણિયા રહે અમદાવાદ સામે છેતરપીંડી અને વિશ્વાસઘાતનો આઇ ટી એકટ હેઠળ ગુન્હો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

શિયાળાની કડકડતી ઠંડીમાં શહેરીજનો સવારના સૂર્યપ્રકાશની રાહ જોતા હોય છે. ત્યારે ગ-૪ અંડરપાસ પાસે સેક્ટર-૧ ૩માં જવાના માર્ગની કિનારીએ એક ભાઈ આરામથી સૂર્યપ્રકાશમાં સૂતા નજરે પડે છે.

ગુજરાતના પાડોશી રાજ્યમાં વીજળી સંકટના ભણકારા

મહિનાઓ પહેલા દેશના અનેક રાજ્યો વીજળી સંકટના આરે આવી ગયા હતા. જેની પર કેન્દ્ર સરકારની ભારે ટીકા કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં આ સંકટ ટળી ગયો હોવાનું માનવામાં આવતું હતું. એમાં પણ નવા વર્ષની શરૂઆતમાં આ સ્થિતિ સામાન્ય બની જશે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. જોકે ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાનના સૂરતગઢ સુપર થર્મલ પાવર સ્ટેશનની સ્થિતિ કંઈક અલગ જ પરિસ્થિતિ હોવાનું દર્શાવી રહી છે.

ચરેડી પાસે હીટ એન્ડ રનમાં પેથાપુરના બાઈકચાલકનુ કરૂણ મોત

પેથાપુરની શિવધારા સોસાયટીમાં રહેતા ૫૪ વર્ષીય દિલીપસિંહ ગોહીલને ચરેડી પાસે અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા મોત નિપજયુ

ગાંધીનગર તા ૧૬

ચરેડી પાસે બાઇક લઇને જતા પેથાપુરના આધેડને એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા તેમને ગંભીર ઇજા થવા પામી હતી જયારે ગંભીર રીતે ઘવાયેલા બાઇક સવારને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ જવાતા સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતુ. હીટ એન્ડ રનની ઘટનામાં બાઇક સવારનુ મોત નિપજતા સે-૨૧ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોતરે છે. જયારે ગતિ નિયંત્રણની વાતનો પણ હજુ કડક પણે અમલ થતો નથી જેના લીધે વાહનો પણ તેજ રફતાર સાથે જાનલેવા અકસ્માતને આમંત્રણ આપતા માર્ગ સલામતીના પરિબળો જોખમાયા છે. શહેરમાં પણ અનેકવાર માર્ગ સલામતીના પરિબળો યોગ્ય કરવા માટે રજુઆતો થતી રહે છે. પરંતુ સ્માર્ટ બનતા ગાંધીનગરમાં સોહાણણા બનતુ બનતુ રોડ નેટવર્ક પૈડા પરની જિન્દગી માટે જોખમી બની રહ્યુ છે. જેના લીધે દિનપ્રતિદિન અકસ્માતો વધી રહ્યા છે. ચરેડી પાસે બનેલી હીટ એન્ડ રનની ઘટના અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર પેથારપુર સ્થિત શિવધારા સોસાયટીમાં પ્લોટ નં -૧૯ ખાતે રહેતા તેમજ સિક્યુરીટીની કંપનીમાં કામ કરતા ૫૪ વર્ષીય દિલીપસિંહ રામસિંહ ગોહીલ ગત ગુરુવારે તેમનુ બાઇક નં જી જે -૧૮ સી બી - ૫૧૭૮ લઇને ચરેડી પાસેથી પસાર થઇ રહ્યા હતા આ દરમિયાન અજાણ્યા વાહને તેમને અડફેટે લેતા તેમને ગંભીર ઇજા થવા પામી હતી જયારે અજાણ્યા વાહનનો ચાલક સ્થળ પરથી પલાયન થઇ ગયો હતો. બીજીતરફ ગંભીર રીતે ઘવાયેલા દિલીપસિંહને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયારે વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતુ. આ ઘટના સંદર્ભે તેમના પુત્ર કુલદિપસિંહે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિકાસપથનું સુકાન માત્ર મહિલાઓના હાથમાં

પહેલીવાર લીંબડીયા-કરાઈ ગ્રામ પંચાયત મહિલા સંચાલિત ગ્રામ પંચાયત બની

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાની એકમાત્ર લીંબડીયા-કરાઈ ગ્રામ પંચાયતે ગત ચૂંટણીમાં ઈતિહાસ સર્જ્યો છે. આ વખતે ગામે પોતાના વિકાસપથનું સુકાન મહિલાઓના હાથમાં સોંપ્યુ. લીંબડીયા કરાઈ ગ્રામ પંચાયતમાં સરપંચ, ઉપસરપંચ, સહિત તમામ સભ્યોમાં મહિલા સભ્યો પર જ પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. પંચાયતીરાજ આવ્યા પછી આ ગામમાં આવી રીતે સંપૂર્ણપણે મહિલારાજ આવ્યું હોય તેવું પ્રથમવાર બન્યું છે. ગામમાં પશુપાલન ડેરી પણ મહિલા સંચાલિત છે જે ગૌરવની વાત છે. સંપૂર્ણપણે મહિલાશાસિત ગ્રામ પંચાયતની બોડીમાં સરપંચ તરીકે સેજલબેન હિતેન્દ્રકુમાર પટેલ, ઉપ સરપંચપદે ઠાકોર સજ્જનબેન બળદેવજી તેમજ સભ્યો તરીકે પટેલ શારદાબેન દિનેશભાઈ, ઠાકોર જ્યોત્સનાબેન દિલિપભાઈ પરમાર, જશોદાબેન કાંતિભાઈ ઠાકોર શોભનાબેન સુનિલભાઈ પટેલ, હેતલબેન અજયભાઈ ઠાકોર, કિરણબેન જયેશજીનો સમાવેશ થાય છે. લીંબડીયા-કરાઈ ગ્રામ પંચાયતનો તમામ વહીવટકર્તા તરીકે મહિલા કરે તે માટેના ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અને અગ્રણી હર્ષદભાઈ પટેલના ઉમદા અથાક પ્રયાસો અહીં સાર્થક બન્યા બાદ અભિનંદનને પાત્ર બન્યા છે. ગ્રામ પંચાયતના હોદ્દેદારોએ સત્યનારાયણની કથા બાદ વિધિવત ચાર્જ સંભાળ્યો હતો.

લગ્નસરાની સિઝનનો પ્રારંભ : કોરોના ગાઈડલાઈન સાથે લગ્નપ્રસંગો યોજવાનો પડકાર

આગામી જુલાઈ સુધી લગ્ન માટે ૪૦ શુભ મુહૂર્તો : કોરોનાના કેસ વધતા શહેરીજનો લગ્નપ્રસંગો મોકૂફ રાખવાના મૂડમાં

ગાંધીનગર, તા. ૧૬

શહેરભરમાં કમુરતાને કારણે લગ્નસરાની મોસમ પર બ્રેક લાગી હતી. ઉત્તરાયણ પૂરી થતાં જ કમૂરતા ઉતર્યા છે. લગ્નસરાની મોસમ શરૂ થઈ છે. આ મહિનામાં તારીખ ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ જાન્યુઆરીએ લગ્નનું શુભ મુહૂર્ત છે. એટલે કે આ દિવસોમાં લગ્ન પ્રસંગ આયોજિત કરવામાં આવશે. તો આવતા મહિને એટલે કે ફેબ્રુઆરી મહિનામાં લગ્નના ૮ શુભ મુહૂર્ત છે. માર્ચ મહિનામાં લગ્નનાં ૩ શુભ મુહૂર્ત છે. એપ્રિલ અને જૂનમાં લગ્નનાં ૪-૪ શુભ મુહૂર્ત છે. જુલાઈ મહિના સુધીમાં લગ્નના ૪૦ શુભ મુહૂર્ત છે.

દર વર્ષે આવતા ધનારક એટલે કે કમુરતામાં લગ્ન કાર્યો પર રોક લાગી જાય છે. હિન્દુ શાસ્ત્રો મુજબ આ દિવસોમાં શુભ કાર્યો કરવા સારૂ ગણાતુ નથી. તેથી મોટાભાગના નાગરિકો એક મહિના દરમિયાન શુભ પ્રસંગો લેવાનું ટાળે જ છે. ત્યારે હવે લગ્ન સીઝન ફરી શરૂ થશે. તેમજ સગાઈ, મુંડન, પ્રાણ પ્રતિષ્ઠા, ગૃહપ્રવેશ, નવી દુકાનની શરૂઆત, વ્રત વગેરે શુભ કાર્યો પણ યોજી શકાશે.

મકરસંક્રાંતિના પર્વની ઉજવણી સાથે જ કમૂરતાની પણ સમાપ્તિ થઈ છે અને લગ્નસરાનો પ્રારંભ થઈ ગયો છે. ગુજરાતમાં છેલ્લા ૩ સપ્તાહથી કોરોનાના કેસનો રાફડો ફાટ્યો છે. આ સ્થિતિમાં હવે લગ્ન સમારોહ કઈ રીતે યોજવા તથા લગ્ન સમારોહ ધામધૂમથી થઈ શકશે કે કેમ ? કેટલા અતિથિઓને આમંત્રણ આપવું, મર્યાદિત અતિથિઓની જ ઉપસ્થિતિ હોય તો પાર્ટી પ્લોટ-હોલના બૂકિંગ તોતિંગ ભાડા અત્યારથી જ ચૂકવવા કે કેમ તેને લઈને લગ્ન પ્રસંગનું આયોજન કરનારા મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

કોરોનાના વધતા કેસને પગલે સરકારે લગ્નમાં ૪૦૦ વ્યક્તિની કેપેસીટી ઘટાડી ૧૫૦ કરી નાખતા શહેરના પાર્ટી પ્લોટમાં જાન્યુઆરી માસના લગ્નોના મોટા ભાગના ઓર્ડર કેન્શલ થઈ ગયા છે. ફેબ્રુઆરીના અમુક ઓર્ડર પણ મોકૂફ રખાયા છે. આ સાથે જ લગ્ન મંડપ ધારકો પણ ખોટના ખાડામાં ધકેલાઈ ગયા છે. કોરોનાને કારણે ૪૦૦ની કેપેસીટી બાદ ૧૫૦ની કેપેસીટી થઈ જતા લગ્ન, રીસેપ્શન, દાંડિયાના ફંક્શનના ઓર્ડર એક પછી એક મોકૂફ થઈ રહ્યા છે. કારણ કે ૧૫૦ વ્યક્તિ માટે કોઈ પાર્ટી પ્લોટ ન રાખી શકે. કારણ કે ભાડુ જ રૂ. ૧ લાખથી શરૂ થાય છે. કોરોનાને કારણે ૧૫૦ની કેપેસીટી થતા મુશ્કેલીઓ ઉભી થઈ છે. કયા મહેમાનને ના પાડવી એ પરેશાની થઈ ગઈ છે. ૨૨મીની નવી ગાઈડલાઈનમાં સરકાર છૂટછાટ આપે તેની રાહ જોવાઈ રહી છે.

કોરોનાના કારણે મોટાભાગના લગ્ન પ્રસંગો મોકૂફ

મકરસંક્રાંતિની ઉજવણીની સાથે કમૂરતાએ વિદાય લીધી છે અને લગ્નસરાની સીઝનનો ફરીથી પ્રારંભ થઈ ગયો છે. ત્યારે આ મહિનામાં શહેરમાં લગ્ન પ્રસંગોની ભરમાર યોજાવાની હતી. જે કોરોનાના કારણે શહેરીજનોએ લગ્ન પ્રસંગો મોકૂફ રાખ્યા છે. જે કોરોનાના કેસોનું પ્રમાણ ઓછું થાય ત્યારબાદ યોજાશે તથા સરકારની ગાઈડલાઈન મુજબ ૧૫૦ વ્યક્તિઓ જ લગ્ન પ્રસંગમાં હાજર રહી શકશે માટે ઓછી સંખ્યામાં લગ્ન પ્રસંગો યોજવા પણ મુશ્કેલરૂપ બની ગયું છે. કોને બોલાવવા અને કોને ના પાડવી તેવી સ્થિતિ સર્જાઈ જવાથી મોટાભાગના લગ્ન પ્રસંગો મોકૂફ રાખવામાં આવ્યા છે જે આગામી સમયમાં કોરોનાના કેસ ઓછા થાય ત્યારબાદ યોજાશે.

આગામી ૭ મહિનામાં લગ્નના મુહૂર્ત

જાન્યુઆરી : ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯
ફેબ્રુઆરી : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૯
માર્ચ : ૪, ૮, ૨૦
એપ્રિલ : ૧૪, ૧૭, ૨૧, ૨૨
મે : ૧૧, ૧૨, ૧૮, ૨૦, ૨૫
જૂન : ૧૦, ૧૨, ૧૫, ૧૬
જુલાઈ : ૩, ૬, ૮, ૧૦, ૧૧, ૧૪

ગ્રામસેવક ભરતીમાં નિયમો બદલાતાં કૃષિ ડિપ્લોમા અને બીઆરએસના વિદ્યાર્થીઓને અન્યાય

ગાંધીનગર, તા. ૧૬

પંચાયત વિભાગ ગ્રામ સેવકોની ભરતી બહાર પાડે તે પહેલા અગાઉથી જ ચાલી આવતી તેની શૈક્ષણિક લાયકાત 'બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ-બીઆરએસ'ની ઉપર બેચલર ઓફ સાયન્સની ત્રણ અને રૂરલ સ્ટડીઝ ઈન રૂરલ ફાર્મ મેનેજમેન્ટ એમ ચાર ડિગ્રીઓ ઉમેરતાં ગાંધી વિચાર આધારિત શિક્ષણ આપતી ગ્રામ વિદ્યાપીઠોએ ભારે વિરોધ નોંધાયો છે. જેમાં મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુર દ્વારા પણ ભારે વિરોધ નોંધાયો છે.

નારદીપુર મહિલા ગ્રામ વિદ્યાપીઠ દ્વારા પત્ર લખીને તદ્દન અવિચારી નિર્ણયને પરત ખેંચવા માંગણી કરી કરાઈ છે. ગુજરાતમાં પંચાયતીરાજ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી ગ્રામ સેવકોની ભરતી માટે ગ્રામ વિશારદ અર્થાત બીઆરએસને જ તક મળતી રહી છે. કારણ કે બીઆરએસનો અભ્યાસક્રમ જ વર્ગ-૩ની ગ્રામ સેવકની સેવાઓ માટે છે. હવે રૂરલ સ્ટડીઝ ઈન રૂરલ ફાર્મ મેનેજમેન્ટ અથવા બી.એસસી એગ્રિકલ્ચર, બી.ઈ., એગ્રિકલ્ચર, બી.એસસી હોર્ટિકલ્ચરનો ઉમેરો થતા બીઆરએસના પદવીધારકો સરકાર સામે રોષે ભરાયા છે. વર્ષોથી કૃષિ ક્ષેત્રના ડિપ્લોમાં અને બીઆરએસના અભ્યાસક્રમોના આધારે થતી વર્ગ-૩ની ગ્રામસેવકની ભરતીમાં છેલ્લે ૨૦૧૬-૧૭ ની ભરતી બાદ ૧-૧-૨૦૧૮ના રોજ સુધારો થયો હતો. ત્યારબાદ ૨૫-૧૧-૨૦૧૯ના સુધારો થયો હતો અને ફરી કોઈ પણ ભરતી થઈ જ ન હતી. ત્યાં અચાનક રાતોરાત ઉચ્ચ ડીગ્રી ધારકોનો સમાવેશ કરી દેતા વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ માધ્યમો દ્વારા રજૂઆતોનો દોર શરૂ થયો છે. ઉલ્લેખનિય છે કે કૃષિ ક્ષેત્રના ડિપ્લોમાં અને બીઆરએસના વિદ્યાર્થીઓ માટે માત્ર ગ્રામસેવક અને અમુક ડિપ્લોમાના વિષયો માટે ખેતી મદદનીશ ભરતીમાં જ સરકારી નોકરી મેળવવાની તક રહેલી છે. ત્યારે તારીખ ૧૧-૧-૨૦૨૨ના રોજ પંચાયત વિભાગ દ્વારા સમાવેશ કરેલ ઉચ્ચ ડિગ્રી ધારકો માટે એગ્રીકલ્ચરલ ઓફિસર કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા, વિસ્તરણ અધિકારી, એગ્રી કલ્ચર ઓફિસર રાજયકક્ષા, સીનીયર રિસર્ચ આસિસ્ટન્ટ તેમજ આ સિવાય બેન્કિંગ ક્ષેત્રમાં અનેક તકો રહેલી છે. વળી કૃષિ ક્ષેત્રના ડિપ્લોના અને બીઆરએસના હરીફ તરીકે સ્નાતક કક્ષાના અને અનેક તકો ધરાવતા ડીગ્રી ધારકોના વિદ્યાર્થીઓનો સમાવેશ થતા કૃષિ ક્ષેત્રના ડિપ્લોમાં અને બીઆરએસના વિદ્યાર્થીઓ માટે સરકારી નોકરી મેળવવા માટેનો છેલ્લો દરવાજો સરકાર અને જે તે વિભાગ બંધ કરવા જઈ રહી હોય એવું દેખાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ ગ્રામસેવક ભરતી નિયમોમાં તારીખ ૧૧-૧-૨૦૨૨ના રોજ સમાવેશ થયેલ ઉચ્ચ ડિગ્રીના અભ્યાસક્રમોના નોટિફિકેશનને રદ કરી અને તારીખ ૧-૧-૨૦૧૮ના નિયમ મુજબ ભરતી કરવામાં આવે અન્યથા આવનારા સમયમાં કૃષિ ડિપ્લોમાં અને બીઆરએસના વિદ્યાર્થીઓ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન અને જરૂર પડ્યે નામ. આઈકોર્ટના દરવાજા ખખડાવશે. બીઆરએસની પદવી ધારકોનું કહેવું છે કે ગ્રામસેવક એ શબ્દ જ સ્વયં સ્પષ્ટ કરે છે કે તેણે ગામની યોજના, ખેતી વિષયક સમસ્યા માટે સરકાર અને ગામની વચ્ચે સેતુરૂપ રહેવાનુ છે. તેના શિક્ષણમાં ૧૫ દિવસ ખેડૂતોના ઘરે રોકાણ કરીને ભાવનાત્મક તાલમેલના સંધાનનું શિક્ષણ છે. શું આ પ્રકારની કેળવણી બી.એસસી કે બી.ઈ.ની ડિગ્રી ધારકને મળે છે. સરકારનો નિર્ણય તદ્દન અતાર્કિક છે પાછો ખેંચે.

અમદાવાદમાં ૧૮-૧૯ જાન્યુઆરીએ આચાર્ય ઘનશ્યામદાસજીના ચિત્રોનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદ ખાતે હઠીસિંગ આર્ટ સેન્ટર, સીઈપીટીમાં ચિત્રોનું પ્રદર્શન યોજાવાનું છે. જે તારીખ ૧૮ અને ૧૯ના રોજ યોજાશે. જેમાં ગોપાલરત્ન આચાર્ય ઘનશ્યામજી મહારાજે તૈયાર કરેલ અદ્‌ભુત ચિત્રોનું પ્રદર્શન શહેરીજનો માટે બે દિવસ આયોજીત કરેલ છે. આ કાર્યક્રમમાં અવનવા ચિત્રો જોવા મળશે. જેમાં સોળે શણગાર સજીને શ્રીકૃષ્ણની રાહ જોઈ રહેલા રૂકમણીજી, શ્રીકૃષ્ણના વિયોગમાં તેની લીલામાં રચ્યા રાધા અને ગોપીઓ, શ્રીરામની રાહ જોતાં શ્રીલંકામાં સીતાજી હોય કે પછી રામાયણમાં જેનું સાવ ઓછું વર્ણન થયું છે તેવા ઉર્મિલા હોય, રાવણને સમજાવતી મંદોદરી કે દ્વારિકામાં કૃષ્ણને કરગરતી મીરા, શુભદ્રાને રણનીતિ સમજાવતા કૃષ્ણ, રામના રાજ્યાભિષેકની તૈયારી કરતા ભરત અને માંડવી આવા તો અસંખ્ય નાટ્યચિત્રો છે. રામાયણ, મહાભારત, દેવી ભાગવત તથા ભારત વર્ષના ધાર્મિક ગ્રંથોમાં દર્શાવેલ પાત્રોને ઈન્ડોવેસ્ટર્ન સ્ટાઈલમાં તેમની ગોંડલ સ્થિત ક્રિએશન આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત કરી છે.